## ડાયરેક્ટ ❤ સે

મર્યાદા રાખવી
બહુ જરૂરી છે
પૈસાની કમી હોય
ત્યારે ખર્ચામાં
અને
જ્ઞાનની કમી હોય
ત્યારે ચર્ચામાં

## જન્મદિને વધામણી



**નિરંજન ઓઝા**
મહામંત્રી
જાગૃત નાગરિક પરિષદ
ફોન : ૨૩૨૨૫૭૬૫



**પલ્લવી જે શાહ**
લાયોનેસ ક્લબ, ગાંધીનગર



**માહી સંજયભાઈ પંડ્યા**

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# કેએસવી ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન કાર્યક્રમ



કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કૉલેજ અને વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨ ઉના ભૂતપૂર્વ તાલીમાર્થીઓનો નાતો મજબૂત બને તે હેતુથી ડૉ. સંજયભાઈ ગુપ્તાના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓના સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સદર કાર્યક્રમના આરંભે ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ શાબ્દિક પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા પ્રશાંતભાઈએ ટીઈટી અને ટીએટી વિશે ઊંડાણપૂર્વક માહિતી તાલીમાર્થીઓને આપી હતી. ત્યારબાદ લોકડાયરાના ખ્યાતનામ કલાકાર ડૉ. નરેન્દ્રભાઈ શાસ્ત્રી અને સંગીતકાર સુરજીતભાઈ વાઘેલાના ગૃપ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મતંગ ગોસ્વામી અને નેહા જહા દ્વારા કરવામાં આવ્યું હતું.

### સ્ટાર્ટઅપ અને આંત્રપ્રેન્યોરશીપને પ્રોત્સાહનનો હેતુ

# જાપાનની સાથે ભારતની પ્રથમ સ્વર્ણિમ યુનિવર્સિટીના ઍમઓયુ





ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ખાતે આવેલી ભારતની પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા જાપાનના ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ એન્ડ એસોસિએશનના જનરલ સેક્રેટરી કોદામા સાથે મળીને ભારતમાં સરવ પ્રથમ વખત ઈન્ટરનેશનલ પીસ ઈનોવેશન સેન્ટરની સ્થાપના યુનિવર્સિટી સંકુલમાં જ કરાઈ છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ચાલુ શૈક્ષણિક સત્ર માટે જી પી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીને સ્ટાર્ટઅપ અને ઈનોવેશન તરફ પ્રોત્સાહિત કરી તેમને આંત્રપ્રન્યોર બનાવવાનો છે. એમ. એન. પટેલ (પ્રોવોસ્ટ-SSIU) જણાવે છે કે, આ સ્ટાર્ટ અપ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ૧. ઈનોવેટિવ પ્રોડક્ટ સાથે નવી કંપનીના વિકાસ સાથે સ્ટાર્ટઅપ, ૨. કન્વેન્શનલ બિઝનેસ સ્થાપવા કાર્યક્ષમતા હાસલ કરવા અને ૩. આંત્રપ્રન્યોરશીપની સમૃદ્ધિ સાથે કન્વેન્શનલ પ્લેસમેન્ટ પુરુ પાડવું એ ત્રણ મુખ્ય બાબતોમાં શિક્ષણ અને સંપૂર્ણ માર્ગદર્શનની સાથે સાથે એક ઉમદા પ્લેટફોર્મ પુરૂ પાડવાનો છે. જેને પગલે વિદ્યાર્થીઓ પોતાનો ઉદ્યોગ શરૂ કરી શકે અને આગળ જતાં અન્યો માટે પણ નોકરીની તકો ઉભી કરી શકે. અહીં વિદ્યાર્થીઓને પરંપરાગત ટેકનિકલ શિક્ષમની સાથે આંત્રપ્રન્યોરશિપના વિવિધ વિષયો જેવા કે માર્કેટ સર્વે, ફંડિંગ, ગવર્મેન્ટ પોલિસી વગેરે શીખવવામાં આવશે જેથી તેઓ પોતાના ઈનોવેટિવ આઈડિયાને પ્રોડક્ટમાં રૂપાંતરિત કરી શકે. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સાથે સાથે આંત્રપ્રન્યોરશિપની એક વધારાની ડિગ્રી પણ અપાશે.

રિસર્ચ અને ઈનોવેશનના ધ્યેય સાથે શરૂ કરવામાં આવેલી આ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી-જાપાન ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ એસોસિએશન દ્વારા સ્થાપના જાપાનની યુનિવર્સિટીમાં છેલ્લા ૧૦ દિવસ દરમિયાન ઓસ્ટ્રેલિયા તથા જાપાનના કેટલાક રિસર્ચ એક્સપર્ટે આ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને આ નવીનતમ ખ્યાલની સહારના કરતા બંને દેશોના વિદ્યાર્થીને લાભ થાય તેવા પ્રયત્નો કરતા કેટલાક પ્રયાસ કર્યા હતા. જાપાનથી આવેલા શ્રી કોદામા કે જેઓ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ એન્ડ અવેરનેસના જનરલ સેક્રેટરી છે તેમણે ભારતના ગાંધીવાદી વિચારોની પ્રશંસા કરી હતી. તેમણે આ વિચારોને જાપાનીઝ મેડિટેશન પદ્ધતિ ઝેન સાથે સંકલિત કરી એક નવીનતમ પીસ રિસર્ચ સેન્ટર ભારતમાં શરૂ કરવા અંગે યુનિવર્સિટીને અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગાંધીજીના વિચારો અત્યારના યાંત્રિકયુગમાં યુવાનોને માનસિક તાણનો અનુભવ થઈ રહ્યો છે તેમાંથી બહાર લાવવા ખુબ જ ઉપયોગી થઈ શકે છે. ગાંધીજીના અહિંસાવાદી વિચારો તથા બુદ્ધના કુદરત સમર્પણના ખ્યાલનો સમન્વય કરી ને એક ઈન્ટરનેશનલ પીસ ઈનોવેશન સેન્ટર આ યુનિવર્સિટી ખાતે સ્થાપવા અંગે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી અને જાપાન ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ એસોસિએશન વચ્ચે એમઓયુ થયા હતા.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સોમવારે બે સ્થાનો પર ૮ ગામોનાં ૧૧૨ જેટલાં વૃધ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે મૈત્રી માધ્યમિક શાળામાં ૧૧ છોકરાઓ, ૮ છોકરીઓને રેઈનકોટ પણ આપવામાં આવ્યા હતા. રંગપુરના ૨૩૦ વિદ્યાર્થીઓને પૅન્સિલ, બૉલપૅન સાથે ક્રિકેટની કિટ પણ આપવામાં આવી હતી. મહર્ષી, મિલિન્દભાઈ તથા ઍસબીઆઈના નિવૃત્ત એજીઍમ પંજવાણીભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# નવતર ગુજરાતી ફિલ્મ ‘રોકટોક’ રિલીઝ માટે તૈયાર



ગાંધીનગર, તા. ૪

આજની આપણી દિકરીઓ પર વધારે રોકટોક હોય છે. જે પ્રમાણે છોકરાઓને ફ્રિડમ આપવામાં આવે છે તે રીતે દિકરીઓને આપણી સમાજ છુટછાટ આપતું નથી. ત્યારે સમાજની આવી વિચારધારાને બદલવા માટે આવી રહી છે ગુજરાતી ફિલ્મ રોકટોક- ધ હર્ડલ્સ ઓફ લાઈફ.

આજે ભલે આપણો દેશ અનેક ક્ષેત્રોમાં આગળ હોય પરંતુ આજે પણ દેશ અનેક રૂઢીચુસ્ત નિયમોથી જકડાયેલો છે. જેમાં સૌથી વધુ ભોગ સમાજની દિકરીઓને બનવું પડે છે. દિકરાઓ કરતા દિકરીઓને આપણો સમાજ હંમેશા નીચું આંકવાની કોશિશ કરતું આવ્યું છે, દિકરાઓ કરતા દિકરીઓને હંમેશા અનેક રોકટોકનો સામનો કરવો પડતો હોય છે છે ત્યારે ફિલ્મ રોકટોકમાં સમાજના આ અસહ્ય વલણનો વિરોધ દર્શવતી અનોખી કહાની જોવા મળશે.

ફિલ્મના મુખ્ય કલાકારોમાં મેહુલ ભોજક અને નિક્કેશા રંગવાલ જોવા મળશે. જ્યારે ફિલ્મ ડિરેકશન જાણિતા ફિલ્મ ડિરેક્ટર ભરત સંત દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મને રમેશ કથિરિયા દ્વારા કરવામાં પ્રોડ્યુસ કરવામાં આવી છે.

# નવા સંબંધો : ઉત્સાહ અને ઉત્તેજના

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

બે યુવાન દંપતી મિત્રો. બંને સૌરાષ્ટ્ર વિસ્તારના રહેવાસી. બંને દંપતી નાથદ્વારા થી ઉદયપુર બસમાં મુસાફરી કરી રહ્યા હતા. એ સમયે રસ્તાઓ બહુ સારા નહીં એટલે લગભગ દોઢ-બે કલાકની મુસાફરી. વચ્ચેના એક સ્ટેશનથી એક યુવાન મહિલા એક નાના બાળક સાથે બસમાં ચઢી અને પેલા દંપતિઓ સામે પોતાની બેઠક લીધી. એ મહિલા અસ્સલ રાજસ્થાની પહેરવેશમાં હતી. દેખાવે ગામડાની રહેવાસી હોય એવું લાગતું હતું. થોડીવાર પછી એ મહિલાએ થેલીમાથી એક કેરી કાઢી અને એ કેરીને ચૂસીને ખાવા લાગી. પેલા બંને દંપતીઓએ મહિલાને કેરી ચૂસતી જોઈને નિર્દોષ ટીખળ કરવાનું શરૂ કર્યું કારણ કે, જાહેરમાં, બસમાં બેસીને કોઈ મહિલા કેરી ચૂસે એ વાત થોડી અજુગતિ લાગી. પેલી મહિલા પણ ટીખળનો પ્રતીભાવ ટીખળથી જ આપવા લાગી.

વાતવાતમાં મહેમાનગતીની વાત નીકળી. પેલા યુવાનો કહે કે સૌરાષ્ટ્રની મહેમાનગતી જેવી ક્યાય મહેમાનગતી ના થાય. પેલી મહિલા કહે, રાજસ્થાની મહેમાનગતી માણો તો જ સાચી ખબર પડે. પેલા યુવાનો કહે, રાજસ્થાની મહેમાનગતી માણવી તો છે પણ કોઈ નિમંત્રણ આપે રાજસ્થાની પ્રખ્યાત વાનગી દાલબાટી ખવડાવે, તો રાજસ્થાની મહેમાનગતીની સાચી ખબર પડે. આમ વાતવાત ને મજાકમાં ઉદયપુર આવી ગયું ને કોઈ એક વિસ્તારમાં બસ થોભી ત્યાં તે મહિલા ઉતરી ગઈ. ત્યાર પછી પેલા દંપતિઓ બસ સ્ટેશને ઉતાર્યા અને ત્યાથી સીધા શહેરમા ફરવા જતાં રહ્યા. રાત્રે એ લોકો હોટેલ ઉપર આવ્યા તો હોટેલના રિસેપ્શનિસ્ટે કહ્યુ કે કોઈ એક દંપતી એક નાના બાળક સાથે આપને મળવા આવ્યું હતું અને આપના માટે એક ચિઠ્ઠી આપી ગયા છે. દંપતીએ ચિઠ્ઠી વાંચી. ચિઠ્ઠીમાં લખ્યું હતું “મારી પત્ની આપને બસમાં મળી હતી. આપણે અમારે ત્યાં આવતીકાલે બપોરે ભોજન માટેનું હાર્દિક નિમંત્રણ છે. પધારશો જ એવી શ્રધ્ધાછે.” ચિઠ્ઠી સાથે નામ, સરનામું, ફોન નંબર હતા. ( ત્યારે મોબાઈલ ના હતા) ચિઠ્ઠી વાંચીને દંપતીને સાનંદાશ્ચર્ય થયું. બસમાં થયેલી વાતચીતને યાદ કરવા લાગ્યા અને યાદ આવ્યું કે વાતવાતમાં પેલી મહિલાએ એ દંપતિ ક્યાં ઉતાર્યા છે એ હોટલનું નામ-સરનામું જાણી લીધું હતું.

બીજે દિવસે એ દંપતીએ પહેલા ફોન કરીને ખાતરી કરી અને પછી બેય દંપતી સંકોચ સાથે એ મહિલાને ઘેર ગયા. ખુબ જ આગતા-સ્વાગતા થઈ. એ મહિલાએ હાથે બનાવેલી સ્વાદિષ્ટ દાલબાટી, કેરીનો રસ અને અન્ય રાજસ્થાની વાનગીઓનું પ્રેમપૂર્વક ભોજન કરાવ્યુ. એ મહિલાના પતિ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા, સુંદર મજાનો બંગલો હતો અને એ મહિલા પણ ગ્રેજ્યુએટ હતી.

એ મહિલા ના પતિએ કહ્યું કે પોતે ગુજરાતમાં રહીને સી. એ. નો અભ્યાસ કર્યો હતો એટલે ગુજરાતીઓ પ્રત્યે લગાવ વધારે. ઉપરાંત, પોતે નવા સંબંધોને વિકસાવવામાં માને છે. પોતે કહ્યું કે તેની પત્નીએ ઘેર આવીને બસમાં બનેલી આખી ઘટના વિષે જણાવ્યુ એટલે થયું કે ચાલો, રૂબરૂ જઈને મળીએ, સાથે ભોજન કરીએ એટલે સંબંધો થોડા નજીક આવશે. આ ઘટના પછી એ કુટુંબ સાથે પેલા બંને મિત્રોને લાંબો સમય પત્રવયવહાર ચાલતો રહ્યો અને સંબંધો વધારે ગાઢ બનતા ગયા.

માનવીય સંબંધોમાં કોઈ અજાણી વ્યક્તિને આપણાં મનમાં. આપણાં હૃદયમાં, આપણાં જીવનમાં પ્રવેશ આપવા માટે નિમંત્રણ આપવું એ એક મોટું સાહસ છે. બહુ જ થોડા સમયની મુલાકાત, ઔપચારિક માત્ર બે-ચાર વાતો અને એ વાતચીત દરમિયાન કેળવેલો થોડો પરિચય, આવી અજાણી વ્યક્તિને એક મિત્ર, સ્નેહી કે સંબંધી તરીકે જીવનમાં તુરત જ સ્થાન આપવું એ હિમ્મતનું જ કાર્ય કહી શકાય.

નવા સંબંધોમાં થોડા રહસ્યો છુપાયેલા હોય છે, થોડી સમજણ, થોડી અણસમજણ હોય છે. થોડી શંકાઓ, થોડી શ્રધ્ધા, થોડી અશ્રધ્ધા રહેલી હોય છે આ બધા કારણોસર નવા સંબંધો વ્યકિતને હંમેશા ઉત્સાહીત પણ કરતાં હોય છે અને ઉતેજીત પણ. નવા સંબંધોમાં એક નવી ચેતના હોય છે એટલે નવા સંબંધો આનંદમય લાગે છે.

નવા સંબંધોમાં એક જિજ્ઞાસા રહેલી હોય છે. એ જિજ્ઞાસા હોય છે વ્યક્તિ વિષેની, તેના સ્વભાવ વિષેની, તેના વર્તન વિષેની, તેના ગમા-અણગમા વિષેની, તેના ભૂતકાળ વિષેની. નવા સંબંધોમાં એક પ્રકારનો ભય પણ રહેલો હોય છે અને એ કારણસર જ નવા સંબંધો પડકાર રૂપ લાગે છે.

વ્યક્તિને પોતાના સંબંધોમાં ભૂતકાળમાં કેટલાયે સારા નરસા અનુભવો થયા હોય છે. ભૂતકાળમાં એવું પણ બન્યું હોય કે કેટલાક સંબંધોથી વ્યક્તિને દૂ:ખ, પીડા અને યાતના મળી હોય. સંબંધો થકી મળેલા દૂ:ખ, યાતના કે પીડા વ્યક્તિ ક્યારેય ભૂલી શકિત નથી. એ યાતનાપૂર્ણ સ્મૃતિઓ નવા સંબંધોમાં વ્યક્તિ માટે લાલબત્તી રૂપ બની જાય છે. એ કારણથી જ નવા સંબંધોમાં વ્યક્તિ સલામતીપૂર્વક, વિચારીને, દૂધનો દાઝ્યો છાસ ફૂંકીને પીવે એવી રીતે આગળ વધતો હોય છે.

જે વ્યક્તિને ભૂતકાળમાં સારા અનુભવો ના થયા હોય તેને નવા સંબંધોમાં ફરીવાર ઈતિહાસનું પુનરાવર્તન થવાનો ડર લાગતો હોય છે. એ ભય એટલા માટે લાગતો હોય છે કે નવા સંબંધો સસ્તા નથી હોતા. નવા સંબંધો હંમેશા ખર્ચાળ હોય છે કારણ કે નવા સંબંધો કેળવવા માટે, વિકસાવવા માટે અને પછી ટકાવવા માટે વ્યક્તિને સમય અને શક્તિનો ભોગ તો આપવો જ પડે છે, ક્યારેક નાણાં નો પણ.

ક્યારેક આપણે નવા સંબંધોની જૂના સંબંધો સાથે સરખામણી પણ કરીએ છીએ. જૂના સંબંધીઓના શોખ, વ્યવહાર, વર્તન, ગમા-અણગમાને નવા સંબંધોની સાથે સરખામણી કરીને બંને સંબંધોના લેખાંજોખાં કરીએ છીએ અને તેના આધારે નવા સંબંધોની મુલવણી પણ કરીએ છીએ.

સંબંધોના અનુભવોને આધારે આપણે ઘણીવાર નવા સંબંધો કોની સાથે, અને કેટલી હદ સુધી કેળવવા તેના પરિમાણો પણ નક્કી કરતી હોઈએ છીએ. હકીકતમાં સંબંધો એ કોઈ સાધન નથી કે તેની સરખામણી થઈ શકે. સંબંધો એ કોઈ પ્રોડક્ટ નથી કે તેના પરિમાણો નક્કી થઈ શકે.

સંબંધો તો વહેતી નદી જેવા, એમાં જેટલું વહેવું હોય એટલું વહી શકાયા સંબંધો તો અફાટ સાગર જેવા, એમાં જેટલું તરવું હોય એટલું તરી શકાય અને જેટલું ડૂબવું હોય એટલું ડૂબી શકાય. સંબંધો તો અસિમ અને ખુલ્લા આકાશ જેવા, એમાં જેટલું ઉડવું હોય એટલું ઊડી શકાય. નક્કી આપણે જ કરવાનું છે.

નવા સંબંધોમાં ભલે કેટલાક ભયસ્થાનો રહેલા હોય, પણ સંબંધોનો વિસ્તાર તો જ થઈ શકે, જો નવા સંબંધો કેળવતા રહીએ. સંબંધો એક મૂડી છે, સંપતિ છે જેનો વિસ્તાર કરવાથી વ્યક્તિ વધારે સમૃધ્ધ બને છે એટલે સંબંધોનો વિસ્તાર તો કરવો જ રહ્યો. નવા સંબંધો કેળવવા માટે સામેની વ્યક્તિ જ પહેલ કરશે એવી રાહ જોઈને બેસી રહીએ તો નવા સંબંધો ક્યારેય કેળવી ના શકીએ. જો સંબંધોનો આનંદ સાચા અર્થમાં માણવો હોય તો નવા સંબંધોમાં આપણે પોતે જ ઝંપલાવવું પડે, આપણે પોતે જ નવી ઉડાન ભરવી પડે.



# શબ્દ શિલ્પી સન્માન માટે નગરના સર્જકની પસંદગી



ગાંધીનગર, તા. ૪

સાહિત્ય સમીર દસ્તક ચિત્રા પ્રકાશન દ્વારા ૫૧ શબ્દ શિલ્પીઓનો સન્માન કાર્યક્રમ સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમિયાન ભોપાલ ખાતે યોજાઈ રહ્યો છે, જેમાં ગાંધીનગર શહેરના રહેવાસી અને વૉઈસ ઑફ ગાંધીનગર અખબારના પત્રકાર ગુલાબચંદ ઍન પટેલનું નામ પણ સામેલ છે. આ સન્માન અંતર્ગત પ્રત્યેક શિલ્પીને પ્રશસ્તિપત્ર, શાલ, શ્રીફળ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવશે.

આસામ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ભોપાલ, જબલપુર, અજમેર, ઈન્દોર, આગ્રા, જોરહાટ, દેવાળિયા જેવાં સ્થળોએથી શિલ્પીઓની પસંદગી આ સન્માન કાર્યક્રમ માટે કરવામાં આવી છે, જેમની સાથે ગાંધીનગરના સર્જક જોડાઈ રહ્યા છે. નગરના સાહિત્યપ્રેમીઓ તરફથી ગુલાબચંદ પટેલને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**‘મારું પ્રિય પુસ્તક’**